| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/08/2023 |
| PAGE : | 3 |

### EDIIના દીક્ષાંત સમારોહમાં પૂર્વ નેશનલ સિક્યોરિટી એડવાઇઝર આર. એન. રવિનું સંબોધન

# ‘દેશમાં ઘણી તક, ગરુડ બનો, આકાશની ઊંચાઈ માપી ઊડો’

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) નો 22મો દીક્ષાંત સમારોહ શુક્રવારે યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે તામિલનાડુના રાજ્યપાલ અને ભૂતપૂર્વ ડેપ્યુટી નેશનલ સિક્યોરિટી એડવાઈઝર આર. એન. રવિ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, તમે એવા સમયે ગ્રેજ્યુએટ થઈ રહ્યા છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે.

દેશમાં એટલી તકો છે કે, તમે ગરુડ બનો, તમારે આકાશમાં ઊડવાનું છે અને તેની લંબાઈ માપવાની છે. આપણા દેશમાં યુવાનોને સ્ટાર્ટઅપ્સ માટે પ્રોત્સાહિત કરાઈ રહ્યા છે અને તેને અનુરૂપ ઈકોસિસ્ટમની રચના કરાઈ રહી છે. આજે ભારત એક લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. ભારત સૌથી વધુ ડિજિટલાઈઝ દેશ છે.

વિશ્વના ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શનના 40 ટકા ટ્રાન્ઝેક્શન ભારતમાં થાય છે. દરેક વિદ્યાર્થી દેશની મિલકત છે, તેથી તેમણે સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જોઈએ. દેશ આઝાદ થયો ત્યારે આપણે સોશિયલિઝમ સ્વીકાર્યું હતું.

### પીજી ડિપ્લોમાના 52, મેનેજમેન્ટના 2ને પદવી એનાયત



કુલ 54 વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો પદવી એનાયત કરાઈ. જેમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાના 52 અને મેનેજમેન્ટના 2 વિદ્યાર્થીઓ છે. દીક્ષાંત સમારોહમાં એક બિઝનેસ આંત્રપ્રિન્યોર અને એક સોશિયલ આંત્રપ્રિન્યોરને પ્રેસિડેન્ટ એલ્યુમની એવોર્ડ્સ પણ એનાયત કરાયા.